# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧

સલામી સવારની..

સમસમી બેઠા'તા તે હવે શિંગડાં ભરાવે છે,
ને કેટલાક તો અંદર રહીને જ હરાવે છે,
ધરાવે સ્વાર્થ, કરાવે કૌભાંડો, તરાવે પેઢીઓ -
ડરાવે હાઇ કમાન્ડને, ખૂન કરી સરાવે છે!

હાઇકુ

નેતા ને ગળે
અટક્યું છછૂંદર
તેલંગાણાનું..

દિલ્હી નું દિલ
અનુભવે છે દ્વિધા
રહ્યું ત્રિશંકુ..

## ચિંતન

*કિં કુલેન વિશાલેન વિદ્યાહીનેન દેહાનામ્ ।*
*દુષ્કુલીનો અપિ વિદ્વાંશ્ચ દૈવૈરપિ સુપૂજ્યતે ॥*

ચાણક્ય નીતિનો આ શ્લોક કેવળ 'ઊંચા કુળ'ને જ નહીં, પણ વિદ્યા-સંસ્કાર ને મહત્ત્વ આપે છે :

'જો કુળમાં વિદ્યા અને સંસ્કાર ન હોય તો કુળની ભલે ને મોટી નામના હોય કે એનો પસારો વિશાળ હોય છતાં એનું કોઇ મહત્ત્વ નથી; પરંતુ કુળ નીચું હોય નામના-મોટાઇ ન ધરાવતું હોય પણ એમાં જો વ્યક્તિ વિદ્વાન અને સંસ્કારી હોય તો દેવતાઓ પણ તેને વંદનીય સમજીને તેની પૂજા કરે છે.'

આજે ધનપતિઓ અને સત્તાધીશો જયારે પદ પર આવે-હોય ત્યારે પુત્રો-પુત્રીના લગ્ન-વહેવાર નક્કી કરી પ્રસંગ પતાવી દે છે સામાન્ય લોકો પણ આજે પદ અને પૈસા જ જુએ છે કુટુંબ-કુળ કેટલું વિશાળ અને ધનવાન છે એ જોવાને બદલે એનું ચરિત્ર-અને સંસ્કારને મહત્ત્વ આપવું જોઇએ. આજે ઘણા ધનપતિઓને પરણેલી સ્ત્રીઓ કે આવા નિર્ણયથી પરણેલા યુવાનો પસ્તાવા સિવાય જિંદગીમાં કંઇ જ પામતા નથી.

પરંતુ કુળ-કુટુંબ ભલે નાનું હોય - ગરીબ પરિસ્થિતિમાં સુખ-સંતોષથી પણ સત્યપથે જીવન નિર્વાહ કરવાના 'સંસ્કાર' ધરાવતું હોય એવો પરિવાર ભલે પદ-પૈસા ન ધરાવતો હોય તો પણ શ્રેષ્ઠ અને વંદનીય છે.

## સુવિચાર

- સ્વાદ જો દેહ ધારણ કરે તો ગાંધીજી ઉપર જરૂર બદનક્ષીનો દાવો માંડે - ***સરદાર પટેલ***
- તંદુરસ્તી ને ઉંમર ન નડે, આયુષ્ય ને રોગ ન નડે, સંબંધને સ્વાર્થ ન નડે, મનને અંતર ન નડે, તો પછી... આત્મા ને મૃત્યુ નડે ખરૂં?? - ***સાધુ વાસવાણી***
- ગરીબો ને આળસ મરડવાનો વૈભવ મળ્યો નથી એટલે તેમને કદી ડાયાબીટીસ થતો નથી - ***એસ.ભટ્ટાચાર્ય***
- ઘણા લોકો ખાઇ ખાઇને મરે છે, ઘણા પી-પીને મરે છે, પણ કમાઇ કમાઇને મરે છે, બહુ ઓછા જીવી-જીવી ને મરે છે - ***કાન્તિ ભટ્ટ***
- ગરીબ મરઘી ખાતો હોય તો સમજવું કે ગરીબ બીમાર છે અથવા મરઘી બીમાર છે - ***યહૂદી કહેવત***
- આપણુ બ્લડપ્રેશર નોર્મલ હોય, બ્લડ સ્યુગર લેવલ કંટ્રોલમાં હોય, હૃદયમાં કોઇ ગડબડ ન હોય તો શું એ જેવો તેવો વૈભવ છે?? - ***ગુણવંત શાહ***
- અદેખા સ્વભાવનો માનવી મનનો રોગી છે, જેની અસર કાળક્રમે શરીરની તંદુરસ્તી પર પડે જ છે - ***આચાર્ય રાજવંશી***

***(સંકલન : દીપક વી.આસરા)***

## બોધ કથા

ઇશ્વરની પ્રાપ્તિ માટે ધર્મ છે સત્ય અને પ્રેમમાં જ ધર્મ સમાયેલો છે પરંતુ આપણે ટીલાં-ટપકાં-પહેરવેશ અને નીતિ નિયમોનાં બંધનમાં આપણે ધર્મને જકડીને બાંધી રાખ્યો છે. ઇશ્વરમાં સંપૂર્ણ વિશ્વાસ-સમર્પણ અને ત્યાગ હોય તો ઇશ્વર સાક્ષાત હાજર થઇ જાય છે પણ આપણે આસપાસ લટકતાં દોરડાં પકડી-વડવાઇ પર લટકીએ છીએ - થડ નથી પકડતા.

એક સંતનું તપ અને આરાધના ખૂબ હતાં ઇશ્વરનો સાક્ષાત્કાર કરવાની તીવ્ર ઇચ્છા હતી. ઇશ્વરને ખૂબ પ્રાર્થના કરી કે 'દર્શન' આપો. ઇશ્વરે સ્વપ્નમાં આવીને કહ્યું, એક વખત તને સખત જરૂર હશે ત્યારે હું જરૂર હાજર થઇશ તું મને સાચા હૃદયથી યાદ કરજે!

થોડા દિવસો પછી સંત કોઇને ત્યાં સત્સંગ માટે ગયા-પાંચમે માળે ધાબા પર મંચ હતો. કોણ જાણે કેમ પણ સત્સંગ પૂરો થતાં પંચ પરથી ઉતરતાં સમતુલન ગુમાવ્યું અને સંતે પાંચમે માળેથી પટકાયા ઇશ્વરને બચાવવા માટે હૃદયથી પ્રાર્થના કરી. પણ ત્રીજે માળે કોઇના મકાન રીપેરીંગનું દોરડું હાથમાં આવી ગયું. તે પકડી લીધું અને લટકતા રહ્યા અને ઉદ્વેગ સાથે ઇશ્વરને ઠપકો આપતાં કહ્યું. ભગવાન તું કયાં છો? આ તો ઠીક દોરડું મારા હાથમાં આવી ગયું નહીં તો મારૂં શું થાત? ત્યાં જ ઇશ્વર નજર સામે આવ્યાને કહ્યું ભલા માણસ! હું તને કેચ કરવા નીચે જ હાજર હતો પણ તે મારા પર સંપૂર્ણ વિશ્વાસ ન મૂક્યો અને દોરડું પકડી લીધું!!

Email - sureshchandrabhatt18@gmail.com

# સાંપ્રત મૂલ્યને પારખી કાળજયી રચનાઓને લોકો સમક્ષ મુકી સરદારને અપાયેલ અનોખી કાવ્યાંજલિ

## શબ્દ સમીપે


- નટવર હેડાઉ

'આજે આપણે જેનો વિચાર કરીએ છીએ તે ભારત એ ઘણે અંશે સરદારની મુત્સદ્દીગીરી અને દૃઢ વહીવટી કુનેહને કારણે છે.' એમ ડો. રાજેન્દ્ર પ્રસાદે મે ૧૯૫૯માં લખ્યું હતું. તે સરદારના ગુણગાન તત્કાલીન કવિઓ, સાહિત્યસર્જકો, સત્યાગ્રહ આંદોલનના સાથીઓ એ પોતાના હૃદય નિચોવીને જે ભક્તિ ભાવપૂર્વક કર્યા હતા તે વિસરાતી વિરાસત ને ફરી એકવાર આપણી સામે મુકી આપવાનું કામ કંઇ નાનુસૂનું નથી. તે સમયે થાળીવાજામાં વાગતી જુદી જુદી કંપનીઓની લોંગ પ્લે રેકોર્ડ જે જેમણે જતનપૂર્વક સાચવીને રાખી છે તેમાંથી આજે સરદારના કીર્તિગાનની જે ગુંજ ઊઠે છે તેને શબ્દ દેહે આપણી સમક્ષ મુકી આપવાનું જે કામ થયું છે તેની વાત મારે તમને કરવી છે.

'કર્મવીરના કીર્તિગાન' ગુજરાતના જાણીતા સાક્ષર લોક સાહિત્યના મર્મજ્ઞ, ધરતીનો ધબકાર જેણે ઝીલ્યો છે એવા દોલત ભટ્ટ દ્વારા સરદાર વિષેનાં ૩૮ જેટલાં ગીતોનું સુંદર સંપાદન કરી સંકલન રૂપે રજૂ કરવામાં આવ્યું છે. તેમાં સરદારની વીરતા, સરદારના દુહા, ખેડૂતના એક આશકની દુવા અને સતનો સંગ્રામ રજૂ કરતા કરમસદના માણસ વલ્લભની વીર હાક જેવાં કર્મવીરના કીર્તિગાનની રચનાઓ ઉપરાંત આપણા જાણીતા કવિઓ કરસનદાસ લુહાર, રમેશ પારેખ, ગની દહીંવાલા, રક્ષા પ્ર. દવે તેમજ અશોક હર્ષ જેવા મોટા ગજાના સર્જકોની સાથે ભરત કવિ 'ઉર્મિલ' ની એક રચના 'સરદાર ખોટ તારી આ દેશને સાલે' નો પણ સમાવેશ કરવામાં આવ્યો છે... તે 'દેશનું ધન હતું ગૌરવ હતું ગુજરાતનું' શિર્ષકવાળુ પિંગળશીભાઇ ગઢવીનું કાવ્ય પણ મળે છે.

વીરવાણી રૂપે મુકવામાં આવેલા સરદારના વિચારો આજના સંદર્ભે પણ કેટલા પ્રસ્તુત છે તે જોઇએ.

- તમારામાં ઝનૂન હોય તો તેને ન્યાયને રસ્તે લડવા વાપરવું, તમારી શક્તિનો ખોટો ઉપયોગ કરવો નહીં. વિનયથી વિવેકથી ચાલવું આપણા જે હક્ક હોય તે મક્કમ પણ માગવા.
- સત્તાધીશોની સત્તા તેમના મૃત્યુ સાથે જ સમાપ્ત થાય છે જયારે મહાન દેશભક્તોની સત્તા તેમના મૃત્યુ પછીની જ ખરો અમલ ચલાવે છે.
- પ્રજાની ઉન્નતિનો આધાર તેની હિંમત, તેના ચારિત્ર્ય અને તેની ભોગ આપવાની શક્તિ ઉપર રહેલો છે.
- અસ્પૃશ્યતા એ હિન્દુ ધર્મ ઉપર કલંક છે. એ ધર્મને બહાને ચાલતો ઢોંગ એને આપણે નાબૂદ કર્યો જ છૂટકો.
- પ્રજામતને રૂંધી નાખવામાં મદદ કરવી એમાં હું કાયરતા સિવાય બીજું કાંઇ જોતો નથી.
- અંતિમ ધ્યેય પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી ઉત્તરોત્તર વધારેને વધારે કષ્ટ સહન કરવાની તૈયારી આપણામાં આવે એ જ સાચો વિનય છે.
- જીતની ઘડીએ આપણે વધારે નમ્ર થવું જોઇએ. જીત્યા પછી ગુમાનમાં આવનાર ત્યાં ને ત્યાં જ હારી જાય છે.
- અવિશ્વાસ એ ભયનું કારણ છે. પ્રજાનો વિશ્વાસ એ રાજયની નિર્ભયતાની નિશાની છે. એટલું યાદ રાખવું જોઇએ કે રાજય એ પ્રજાને ખાતર છે. રાજયને ખાતર પ્રજા નથી.
- કેળવણી બે પ્રકારની છે. એક કેળવણી માણસને માણસાઇનું ભાન કરાવે છે. બીજી માણસની માણસાઇ લઇ લે છે. એક માણસને મદમા ચકચૂર કરે છે. બીજી માણસને પુરૂષ અને સ્ત્રીને તેના ધર્મ પ્રત્યે જાગૃત કરે છે. આ બીજી તે જ સાચી કેળવણી.




સરદારના ઉપરોક્ત વિચારો જાણ્યા પછી તમે પણ કાકા કાલેલકરની એ વાત સાથે સંમત થશો કે 'કોણ કહે છે? વલ્લભભાઇ સાક્ષર નથી. બારડોલીના ભાષણમાં જે જીવતી સરસ્વતી વહે છે. વીર, કરૂણ હાસ્યાદિ બધા જ રસો જેમાં ઉકળી ઊઠે છે. તેવી ભાષા કોઇ ચમરબંધી સાક્ષર લખી કે બોલી તો બતાવે.'

આ ઉપરાંત પુસ્તકમાં સરદારની દેશભક્તિ પાત્ર શિર્ષકથી તેમના જન્મથી લઇને ૯ ડિસેમ્બર ૧૯૪૫ ભારતીય બંધારણ પરિષદ સુધીના સરદારની જીવનની મહત્વપૂર્ણ ઘટનાઓની તવારીખ પણ આપવામાં આવી છે. આ પુસ્તિકા લોકસેવકના કિર્તીગાન લોકસંત પૂ. પ્રાગદાસ બાપાને અર્પણ કરવામાં આવી છે.

'કર્વીરના કીર્તિગાન' પુસ્તિકામાં સમાવવામાં આવેલ ગીતોની કેટલીક પંક્તિઓ અહીં મુકવાની લાલચ જતી કરી શકતો નથી.

'હિંદ મુક્તિના પંથે જયાં ભય શંકા જોઇ લગાર,
અભય થઇ ત્યાં સિંહ ગર્જના સમ દ્વીધા હુંકાર,
શૂરાને લોખંડી સરદાર,
અમારા રાષ્ટ્ર તણા સરદાર,

હરિલાલ ઉપાધ્યાય કૃત આ ગીત રેકોર્ડમાંથી લેવાયું છે. તેજ રીતે ધીરજલાલ પી. નાયક, પ્રાણસુખ એમ. નાયક રચિત આ ગીતની પંક્તિઓ પણ પ્રેરણાદાયક અને જુસ્સો વધારનારો હોય તેમ લાગ્યા વિના રહેતું નથી. વલ્લભભાઇની વિરતાને બિરદાવતાં તેમા શબ્દો જૂઓ.'

વલ્લભ વલ્લભ હે ભડવીર,
સમર્પ્યુ સેવા કાજ શરીર,
રાજય વહીવટ લઇ માથે,
આવ્યો વટનીસાથે,
નમાવ્યા કઇ મોટા જહાંગીર
વલ્લભ વિશ્વ જગાવ્યું...

અહીં આપણને મનુભાઇ ચુડાસમા રચિત સરદાર વલ્લભભાઇના દુહા, કલ્યાજી મહેતાનું કાવ્ય 'જય સરદાર' નાનુભાઇ દેસાનું કાવ્ય 'પીઠાનું પારખું' મળે છે તે સાથોસાથ 'સંતનો સંગ્રામ' શ્રીમતી ડાહીબેન રચિત ગીત પણ મુકાયું છે જે તા. ૧૭-૪-૧૯૨૮ ના રોજ રચાયાની નોંધ સાથે તેની આ પંક્તિઓ પણ જૂઓ.

'કહે છે વલ્લભભાઇ સુણો નરનારીઓ રે,
અંતે જરૂર આપણી જીત રે, જ્ઞાનીને ઘોડે
વલ્લભભાઇનું વેણ, તમે પાળજો રે,
એવી આ બહેનની આશીશ જીત રે, જ્ઞાનીને ઘોડે'

આ ઉપાંરત દુલેરાય પંડ્યા, કપિલ પ્રસાદ દવે, સવિતાલક્ષ્મી બુચ, ફૂલચંદ શાહની અલભ્ય કહી શકાય તેવી રચનાઓ પણ અહીં સમાવવામાં આવી છે.

તો આપણી ગુજરાતી ભાષાના કવિ વિવેચક અને નિબંધકાર એવા મણીલાલ હ. પટેલની કાવ્ય રચનામાં સરદારની પ્રશસ્તિ પણ માણવા જેવી છે હોં!

જૂઓ તો તેમના જ શબ્દોમાં.

"ગામ કરમસદના માણસની અચરજ જેવી વાત,
ફૂલો શા કોમળ હૈયામાં પથરીલી તાકાત,
ઝીણી નજરે જોનારો એ પળને પારખી કાઢે,
ગોળ ગોળ ના બોલે એ તો એક ઝાટકે વાઢે,
સમજણ જેને શ્વાસ સમાણી દૃઢ આત્મવિશ્વાસ,
આઝાદીના અજવાળાને લઇ આવ્યો એ પાસ,
સત્યાગ્રહની લ્યે સરદારી સિંહ કેશરી ગાજે,
રજવાડાંને એક કરી દે અખંડ ભારત કાજે."

'કર્મવીરના કીર્તિગાન' પુસ્તકમાં મોહનદાર ગાંધી (મહાત્મા ગાંધી)ના હસ્તાક્ષરમાં તા. ૨૦-૨-૧૯૩૩નું વાક્ય 'સરદાર વલ્લભભાઇનો જય હો' મુરીને સરદારની ભાષણની જુસ્સાભરી તસ્વીર મુકી સંપાદકે પુસ્તીકાને ચાર ચાંદ લગાવી દીધા છે. તો છેલ્લે મિડલ ટેમ્પલ ઇ.સી.થી સરદારે તેમના ભાઇ નરસીભાઇને લખેલ પદ્ તેમના હસ્તાક્ષરોમાં છાપી પુસ્તિકાનું દસ્તાવેજી મૂલ્ય વધારી આપ્યું છે.

'કર્મવીરના કીર્તિગાન' પુસ્તીકાના સંપાદક દોલત ભટ્ટ અને સુંદર, સુઘડ છપાઇ અને આકર્ષક મુખપૃષ્ઠથી સજાવી સરસ રીતે પ્રકાશન કરવા બદલ અમૂલ્ય ફાળો આપનાર ભરત કવિ 'ઉર્મિલ' જેમના પાટનગર પ્રકાશન દ્વારા કાળજયી રચનાઓનું પ્રકાશન સાંપ્રતની સાથે ચાલીને કરવા બદલ બંનેને ખુબ ખુબ અભિનંદન અને હૃદયની શુભેચ્છાઓ પાઠવું છું.

***કર્મવીરનાં કીર્તિગાન (સરદાર અંગેના કાવ્યો)***
***આદર્શ નગર, સેકટર-૨૪, ગાંધીનગર. પ્રથમ આવૃતિ - ૨૦૧૩,***
***મૂલ્ય - અમૂલ્ય, પૃષ્ઠ - ૪૫, સંપર્ક સૂત્ર : ૯૪૨૬૪૧૫૭૨૭***

# ભારતમાં એક અનોખા ફેસ્ટિવલનું આયોજન કરવામાં આવી રહ્યું છે, જેને 'બુકારો ફેસ્ટિવલ' નામ આપવામાં આવ્યું છે, વાસ્તવમાં બાળકો પુસ્તકોનું મહત્ત્વ સમજે અને એક સાથે ઘણા બધા બાળકો તેમના પ્રિય લેખકો સાથે થોડો સમય વીતાવી શકે એ આશયથી આ પ્રકારના ફેસ્ટિવલની શરૂઆત કરવામાં આવી હતી

## હું રસ્તે રઝળતી વારતા

- અયના કમલેશ

વર્ષ ૨૦૧૦માં એક ફિલ્મ "માય નેમ ઇઝ ખાન" રિલીઝ થઇ હતી. ફિલ્મની પટકથા કંઇક અલગ હતી, પણ એમાંની એક બોધસૂચક વાત વિશે વાત કરીએ તો રિઝવાન નામનાં એક બાળકને એની માતા બચપણમાં સારા માનવીના ગુણો કહે છે અને તેને પણ એ જ પ્રમાણે બનવાની સલાહ આપે છે. રિઝવાન માનસિક રીતે અન્ય બાળકો કરતાં કંઇક અલગ હોય છે, પણ માતાની આ શિખામણ તે બરાબર પચાવી જાણે છે અને ત્યારબાદ તે યુવાની સુધી આ શિખામણને અનુસરીને અઘરામાં અઘરા ધ્યેયને પણ મેળવી લે છે એને 'સારા' માણસની એની માતાની વ્યાખ્યામાં ખરો ઉતરે છે. ફિલ્મમાં બાલ્યાવસ્થામાં બાળકના કૂમળા મનને ખુબ જ સારી રીતે પ્રતિબિંબિત કરવામાં આવ્યું હતું અને એક રીતે જોઇએ તો વાસ્તવિક જીવનમાં પણ કંઇક આવું જ હોય છે. બાળક તેના બચપણના દિવસો દરમિયાન જે કંઇ પણ નવું શીખે કે જાણે તેની અસર તેના આખા જીવન દરમિયાન થોડા અંશે તો રહે જ છે.

બાળપણની વાત કરતાં હોઇએ ત્યારે દાદીમાની વાર્તા અને તેની શિખામણો સૌપ્રથમ આપણને યાદ આવી જાય, પણ આજના જમાનાની વાત કરીએ તો એ વાર્તાઓ કયાંક ખોવાઇ ગઇ છે. પુસ્તકો અને બાળકો માત્ર પરીક્ષા પૂરતાં જ એકબીજાના પર્યાય બની રહે છે, પરંતુ આશ્ચર્યની વાત ખાસ બાળકો માટે ભારતમાં એક અનોખા ફેસ્ટિવલનું આયોજન કરવામાં આવી રહ્યું છે, જેને 'બુકારો ફેસ્ટિવલ' નામ આપવામાં આવ્યું છે. વાસ્તવમાં બાળકો પુસ્તકોનું મહત્ત્વ સમજે અને એક સાથે ઘણા બધા બાળકો તેમના પ્રિય લેખકો સાથે થોડો સમય વીતાવી શકે એ આશયથી આ પ્રકારના ફેસ્ટિવલની શરૂઆત કરવામાં આવી હતી. આ ફેસ્ટિવલના ડિરેક્ટર સ્વાતિ રોયના કહેવા પ્રમાણે 'બુકારો એ દિલ્હી શહેરમાં લોકોનાં આકર્ષણનું એક કેન્દ્ર બન્યું છે અને આ તો માત્ર શરૂઆત છે.' વળી, માતા-પિતાના આજના અભિપ્રાયોની ટીકા કરતાં તેઓ કહે છે કે, "તમે આજની પરિસ્થિતિની માત્ર ટીકા કરીને એમ નહીં કહી શકો કે બાળકો વાંચતા નથી. જે બાળકો ખરેખર જિજ્ઞાસુ છે તેઓ તો બાજુ પણ પુસ્તકો વાંચતા જ હોય છે." આમ પુસ્તક પ્રેમીઓ તથા જેઓનો પુસ્તકો સાથેનો નાતો હજી સુધી બંધાયો નથી. તેવા સૌ બાળકો માટે વાંચવા માટેનું એક અલગ જ વાતાવરણ તથા અભિગમ વિકસાવવા માટે આ ફેસ્ટિવલ ઉજવવામાં આવે છે.

વર્ષ ૨૦૦૮માં કેટલાક પુસ્તક પ્રેમીઓ તથા અલગારી મિજાજના લોકોએ સાથે મળીને આ ફેસ્ટિવલની શરૂઆત કરી હતી અને બુકારો ફેસ્ટિવલનું આજે જે સ્થાન છે તે તેમણે સપનામાં પણ કલ્પ્યું નહોતું. આજે દર વર્ષે નવેમ્બર મહિનામાં થતા આ ફેસ્ટિવલ માટે બાળકો તથા વાલીઓ પણ રાહ જોતા હોય છે. બુકારો ઇન ધ સિટી શાળાના બાળકોમાં આખા દેશમાં આટલા મોટા પાયા પર થતાં આ એકમાત્ર ફેસ્ટિવલ છે. બી.આઇ.સી.નું ધ્યેય વધુમાં વધુ શાળાના બાળકોને આ ફેસ્ટિવલનો ભાગ બનાવવાનું છે. વર્ષ ૨૦૦૮માં જયારે આ ફેસ્ટિવલની શરૂઆત થઇ હતી. ત્યારે માત્ર આઠ શાળાઓ તેમાં સામે થઇ હતી. ત્યારબાદ તેમાં બીજી ૧૦૬ શાળાના લગભગ અગિયાર હજાર પાંચસો બાળકો જોડાયા અને આ વર્ષે નવેમ્બર મહિનાનાં અંત ભાગમાં ઉજવાયેલા આ ફેસ્ટિવલમાં આશરે પંદર હજાર બાળકો ભાગ લીધો હતો.

આ ફેસ્ટિવલમાં વાર્તાકથન ઉપરાંત, ઇલેસ્ટ્રેટરની હાજરીમાં દિવાલો પર ડૂડલ દોરવા શેફ વિકાસ ખન્ના પાસેથી બાળકો માટે ખાસ 'ફાયરલેસ કૂકિંગ'ની ટ્રેનિંગ, ફિંગર પપેટ માટેનું ક્રાફ્ટિંગ તથા ડિટેકટીવ ગેમ્સ વગેરે પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે. આ માટે જરૂરી પુસ્તકોની સાથે બાળકો માટે અનેક મેગેઝીન તથા ન્યૂઝપેપરની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી. વળી, બાળકોને પરમવીર ચક્ર જેવા દેશના મહત્ત્વના સન્માન તથા વિજેતાઓ માટે જાણકારી આપવા આર્મીના મેજર જનરલ આઇન કાર્કીઝોને પણ આમંત્રિત કરવામાં આવ્યા હતા.

ભારતમાં કવયિત્રી અને નવલકથાકાર પ્રસિદ્ધ થયેલા સંપૂર્ણ ચેટરજી કહે છે કે, "મારો બુકારો સાથે ખૂબ સારા ખાસ પ્રકારનો સંબંધ છે. હું નસીબદાર છું કે એક કરતાં વધુ વખત બુકારો એક એવી જગ્યા છે જયાં હું મારા પુસ્તકના યુવાન વાચકોને મળું છું. મારા પરિવાર તથા શાળાના જૂના મિત્રોને મળું છું. હું બાળકો માટે અવનવા પુસ્તકો ખરીદતી જ રહું છું. આ આખો માહોલ એક પિકનિક જેવો છે, છતાં તેમાં શીખવા અને જાણવા માટે ઘણી શ્રેષ્ઠ વાતો રહેલી છે." આ ઉપરાંત, બ્રિટનની એક બાળસાહિત્યકારે સંપૂર્ણની વાતમાં સૂર પૂરાવતા કહ્યું હતું કે, 'મારા માટે ગર્વની વાત છે કે હું આ પ્રકારના ફેસ્ટિવલનો એક ભાગ છું. આ ફેસ્ટિવલમાં મને મળેલા સંતોષ અને ઉત્સાહની સાથે નાના નાના બાળકોના ચહેરા પર પણ એટલો જ આનંદ જોવા મળતો હોય છે. બુકારો ફેસ્ટિવલ એ ખરેખર એક ગર્વ લેવા જેવો ફેસ્ટિવલ છે.'

# સાચા સંતનું મૌન, સંકલ્પ, સ્વભાવિક ઉઠવું, બેસવું વગેરે સર્વ જ ઉપદેશમય હોય છે

## "દત્તાત્રેય જયંતિ અને દત્ત ઉપાસના"

### પૂજ્યશ્રી રંગઅવધૂજીની અમૃત વાણીમાં

- શિવશંકર દવે

*॥ શ્રી દત્ત: પ્રસન્નોઽસ્તુ ॥*

દત્તાત્રેય જંયતિના શુભ અવસરે નારેશ્વરના સંત શ્રી અવધૂતજી - દત્તાવતાર અને દત્તભક્તિ સંબંધમાં શ્રીમુખે ભક્તોની ભાવભક્તિ જોઈને મૌની વાચા ઉઘાડી બોલે છે, જોઈએ અમૃત વાણી -

''હું કોઈ જગાએ બોલતો નથી અને ઉપદેશ કે પ્રચાર કરવાની મને ઈચ્છા જ નથી.''

સાચો સંત કદી નકામી બકબક કરી ઉપદેશ આપવાના હેતુથી બોલતો નથી. હું ધર્મનો પ્રચારક છું કે મારા જેવાએ ધર્મનો પ્રચાર કરવો જોઈએ પણ ધર્મનો કે સત્યનો પ્રચાર એક શબ્દ પ્રયોગ હું સમજી શકતો નથી. સૂર્યનો પ્રકાશનો અવધૂત કે કોઈ બીજો પ્રચાર કરી શકે? એનો પ્રચાર એ પ્રકાશ પોતે જ કરી લે છે. અથવા સ્વયં થાય છે. એવું કહીએ તે એજ બરાબર છે. ધર્મ કે સત્યનો આચાર કે પાલન એ જ સાચી વાત છે.

સાચા સંતનું મૌન, સંકલ્પ, સ્વભાવિક ઉઠવું, બેસવું વગેરે સર્વ જ ઉપદેશમય હોય છે.

સાચો સંત કશાનોય હેતુ પુર્વક:સહ પ્રચાર કરતો નથી. એ તો સત્યનું યથાશક્તિ આચરણ કરે છે.

એક ભક્તે દત્તભક્તિના પ્રચારક તરીકે મારી ઓળખાણ આપી. પણ એ બરાબર નથી. કેમ કે હું તો કશાનો જ પ્રચારક નથી ને.

શ્લોક :

***'એકં સદ્વિપ્રા બહુધા વદન્તિ' ।***

પરમાત્મા એક જ છે. સંતો જુદા જુદા નામથી એને પોકારે છે એટલું જ. એક જ માણસને અજાણ્યા નામથી બોલાવે, બાપ કે મા 'બેટા' કહે, ભાઈ - 'ભાઈ' કહે, 'દીકરો' બાપુજી કહે, કાકો ભત્રીજો કહે, કોઈ મામો, ફુઓ વગેરે કહે એથી વ્યક્તિ બદલાતી નથી. એ તો એક જ છે. તેમ પરમાત્મા એક જ છે. કોઈ એને ઈશ્વર કહે, કોઈ 'અલ્લા', કોઈ ગોડ (God) કહે, કોઈ રામ, કૃષ્ણ, દત્ત, શંકર, ગણપતિ વગેરે... અનંત નામોથી બોલાવે તો પણ પરમાત્મા અણુ - અણુમાં વ્યાપેલું એક એકમેવ સત્ બદલાતું નથી. મેં રામ, કૃષ્ણ, મહાદેવ, જગદંબા, અનેક નામોથી સ્તુતિ સ્ત્રોતો ગાયેલાં છે. પણ બધા એક છે. બધા એક ભજન સંભળાવે છે.



ભજન :

***'એક અલખ નિરંજન સબ જગ, ભુચર, ખેચર એકહિ બાસા***
***બમ્મન ખતરી શૂદર ભંગી, મલેચ્છ અનારજ એકહી શ્વાસા***
***રામ કહે, રહેમાન કહે, કોઇ અઉર્મઝદ, કોઇ બુદ્ધ બપાના***
***કૃષ્ણ કહે, ક્રાઇસ્ટ કહે કોઉ, જીન કહે કો પારાહનાથા,***
***પેડ અનેક ભીંતર રસ એકા, સાહેબ એક હિ રૂપ અનેકા***
***નામરૂપ સબ છોડ નિક્કમા, અંદર પેબત 'રંગ' રખૈયા.'***

પૂજ્ય બાપુજીના વિચારો ઘણા જ સ્પષ્ટ છે. તેઓ મનુષ્યને 'માનવ' તરીકે જ જુએ છે. ધર્મનાં સૌને સમાન ગણે છે. બધા ઝઘડાઓનો ઉપાય બતાવ્યો છે.

દત્ત અવતાર અંગે જણાવે છે કે -

સૃષ્ટિ જુની વાત છે. પરમાત્માએ સૃષ્ટિ ઉત્પન્ન કરી અને પોતાની પ્રતિકૃતિ રૂપ મનુષ્યો સુખી થાય તે માટે અનેક જાતના સર્જન કર્યા. તે બધાના મોટા મોટા કોઠારો ખાણો ભરી એક કોઠારમાં, ખાદ્ય પદાર્થો, કોઈમાં સુંદર વસ્ત્રો, કોઈમાં પશુપક્ષી યાન, કોઈમાં સુંદર સ્ત્રીઓ, કોઈમાં સુવર્ણ રત્ન, મનુષ્યો માનેલાં સુખ સાધન ભરી દીધા અને ઢંઢેરો પીટાવ્યો કે જેને જે વસ્તુઓ જોઈએ તે લઈ જાય. થોડી જ વારમાં ભંડારો ખાલીખમ થઈ ગયા. પ્રભુના દ્વારપાળો દરવાજા બંધ કરવાની તૈયારીમાં હતા ત્યાં એક તપથી કૃશ થયેલો જર્જરિત બ્રાહ્મણ આવ્યો, માગણી કરી. પણ દ્વારપાળોએ કહ્યું, 'ભંડાર તો લૂંટાઈ ગયા.' હવે શું? આગંતૂકે કહ્યું, કે ખોટી વાત. ભગવાનને જઈને કહો... ભગવાન 'ખૂટી ગયું છે' 'તેવું નહીં કહે, દ્વારપાળોએ ભગવાનને જઈ બધી વાત કહી. ભગવાન આવેશથી હાસ્ય કરી બોલ્યા.', હૈયા ફુટ્યાઓ શું કહો છો? ભલે ભંડારમાં બધું ખલાસ થયું પણ જેણે બધા અનિત્ય ભંડારોની લાલચ છોડી, મને નિત્ય વ્હાલો કર્યો તે તપસ્વી બ્રાહ્મણને હું 'મારી જાત સમર્પીશ' એમ કહી પોતાની જાતને 'દત્તાંઽયં તે મયાત્મેતિ' કહી દે, આ મારી જાતને હું તને સોંપું છું. એમ કહી વૃદ્ધ બ્રાહ્મણને પોતાનું આત્મદાન આપ્યું. કેટલો દયાળું પ્રભુ પરમાત્મા! એ વૃદ્ધ બ્રાહ્મણ તે જ અત્રિ ઋષિ અને એક નિષ્ઠ ભગવદ્ ભક્તિને વશવર્તી એને પોતાનું 'આત્મદાન' આપનારા કે દત્તાવતાર, દયાધન પરમાત્માએ અત્રિ ઋષિને પોતાની જાત આપી તેથી જ એ દત્ત જેણે બધું ય આપ્યું છે. તે દાતા છે. મુસલમાન તેને 'દાતાર' કહે છે. બીજા બીજે નામે પોકારે છે. (અહીં એક બાબત ધ્યાન લાવું કે - સંસ્કૃતમાં દા - દા, યચ્છ - ધાતુ છે. જેનો અર્થ આપવું. જેણે પોતાની જાતને સમર્પણ કરવું તે જ દત્ત કહેવાય) બીજા બધા બીજા નામો પોકારે છે. રામ કહે છે. દુઃખમાં બહાર ખેંચી સુખ તરફ લઈ જનારને તે જ કોઈ કૃષ્ણ કહે છે.

પૂજ્ય બાપુજીએ દત્તનો કેટલો વિશાળ અર્થ સમજાવ્યો? આજના સમયે દેશ, વિદેશમાં ધર્મના નામે થતા ઝઘડા, યુદ્ધો, હિંસા, ટાળવાનો એકમાત્ર ઉપાય પૂજ્યશ્રીએ દત્તાવતારમાં બતાવ્યો છે.

પૂજ્યશ્રી જણાવે છે -

કાવ્ય પંક્તિ :

***"દત્ત કહે કોઇ મને રામ કૃષ્ણ વળી કોક;***
***દિન મણિ શિવશક્ત્યાદિનું નામ રૂપ સહું ફોક"***

અત્રિ ઋષિની ધર્મપત્ની સતી અનસૂયાજી જે નામો દોષદષ્ટિ અને મત્સરનો અભાવ. તેને ત્યાં પ્રભુ અવતાર ધારણ કરે છે. અત્રિ-અનસૂયાની એક નિષ્ઠ તપોભક્તિનું ફળ એ જ 'દત્ત'. અત્રિ ઋષિથી આર્વિભાવ થયો માટે આત્રેય અને પોતાના આત્મદાનથી દત્ત. આમ દત્તાત્રેય નામની સાર્થકતા.

***(અનુસંધાન પાના નં. ૬ પર)***